ગાંધીનગર સમાચાર
તા. ૩૧-૧૦-૨૦૧૪, શુક્રવાર

તંત્રી સ્થાનેથી....

સરદાર જયંતી અને ઇંદિરા નિર્વાણ દિન

ગુજરાતે રાષ્ટ્રના ચરણે ધરેલ ત્રણ કાલજયી વિભૂતિઓ છે - દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઇ પટેલ. મહર્ષિ દયાનંદ સરસ્વતીએ ધર્મક્ષેત્રે પ્રવર્તતા આડંબર અને પાખંડ વિરૂદ્ધ અવાજ બુલંદ કર્યો અને મહાત્મા ગાંધીએ આઝાદીની ચળવળનું સફળ નેતૃત્વ કરતાં કરતાં જીવનના તમામ ક્ષેત્રે 'સત્ય'ના પ્રયોગો કરી વિશ્વવિભૂતિ તરીકે, અહિંસા અને શાંતિના ફિરસ્તા તરીકે નામ કાઢ્યું, સરદાર પટેલે ગાંધી માર્ગે ચાલીને બારડોલીના ઐતિહાસિક સત્યાગ્રહનું સુકાન સંભાળ્યું અને દેશભરના ખેડૂતોના નેતા તરીકે ઊપસી આવ્યા પછી જ્યારે દેશનું સુકાન સંભાળવાની વેળા આવી ત્યારે સમગ્ર કોંગ્રેસ એકી અવાજે એમને દેશના કર્ણધાર નિયુક્ત કરવા ઇચ્છતી હતી, પરંતુ મહાત્મા ગાંધીએ તત્કાલીન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંજોગોમાં સરદાર કરતાં એ જવાબદારી પંડિત જવાહરલાલ નહેરૂ જેવા પ્રમાણમાં યુવાન અને વધુ ડાયનેમિક નેતાને સોંપવામાં શ્રેય જોયું. સરદારે આજ્ઞાંકિત પુત્રની જેમ પિતાતુલ્ય રાષ્ટ્રપિતાના આદેશને માથે ચડાવી પંડિત જવાહરલાલ નહેરૂના નેતૃત્વ હેઠળ હસતે મોઢે નાયબ વડાપ્રધાન અને ગૃહપ્રધાન તરીકેની ફરજ સ્વીકારી લીધી. ગૃહપ્રધાન હોવાના નેતા દેશી રજવાડાંના હિંદી સંઘ (ઇન્ડિયન ફેડરેશન ઓફ સ્ટેટ્સ) સાથેના વિલીનીકરણની અત્યંત મહત્ત્વની જવાબદારી પણ સરદાર પટેલના શિરે આવી. એક તરફ દેશી રાજયોને વિદાય લઇ રહેતી અંગ્રેજી હકૂમતે ભારત અથવા પાકિસ્તાન પૈકી જેની સાથે ભળવું હોય એની છૂટ આપી હતી, તો બીજી તરફ વિભાજનના પગલે લોહિયાળ કોમી રમખાણો શરૂ થઇ ગયા હતા. સરદાર પટેલે આવી વિકટ પરિસ્થિતિમાં દેશી રાજયોના વિલીનીકરણનો અને પાકિસ્તાનમાંથી હિજરત કરી આવેલા લાખો નિરાશ્રિતોનાં પુનઃસ્થાપનનું કામ પાર પાડ્યું. હૈદરાબાદ અને જૂનાગઢ જેવાં રાજયોના મુસ્લિમ નવાબોની દાનત પોતપોતાના રાજય સહિત પાકિસ્તાનમાં જોડાવાની હતી. પ્રજામત ભારત સાથે જોડાવાનો હોવા છતાં એ વખતે સરદાર પટેલે દબાણની કૂટનીતિ ન વાપરી હોત તો આ બેઉ રાજયોની પરિસ્થિતિ આજના કાશ્મીર જેવી હોત. પંડિત જવાહરલાલ નહેરૂ મૂળે કાશ્મીરી પંડિત એટલે કાશ્મીર પૂરતા એમણે સરદારને દૂર રાખ્યા હતા. આજે દુનિયાભરના રાજકીય પંડિતો એકી અવાજે કબૂલે છે કે જો કાશ્મીર પ્રશ્ન પણ શરૂથી જ સરદાર હસ્તક હોત તો પરિસ્થિતિ જુદી જ હોત. સરદારની આ અપ્રતિમ રાજકીય કોઠાસૂઝ અને કુનેહને કારણે એમને 'ભારતના બિસ્માર્ક', 'લોખંડી પુરૂષ' વગેરે અલંકરણોથી બિરદાવાતા રહ્યાં છે. નહેરૂની ખફગી વહોરીને સરદાર પટેલે કનૈયાલાલ મુનશીની વિનંતીથી સોમાથ મંદિરના જીર્ણોદ્ધારની પણ આગેવાની લીધી હતી. કોંગ્રેસમાં નહેરૂ યુગ પછી લાલબહાદુર શાસ્ત્રીના અલ્પજીવી શાસન પછી નહેરૂ વંશનું શાસન શરૂ થયું, જે રાજીવ ગાંધી અને સોનિયા ગાંધી સુધી લંબાયું. નહેરૂ વંશના ખુશામતખોરોએ સરદાર પટેલનું અવમૂલ્યન કરવામાં કશી મણા નથી રાખી, એ દેશ જાણે છે. પરંતુ એ મુદ્દે ચૂંટણી લડીને કોંગ્રેસને હાંસિયે ધકેલી દેનાર વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરદાર પટેલને અક્ષરશઃ કોંગ્રેસ પાસેથી હાઇજેક કરીને કોંગ્રેસને કફોડી સ્થિતિમાં મૂકી દીધા છે. સરદાર પટેલનો સાચો જન્મદિવસ ક્યો એની ખુદ સરદાર પટેલને ખબર નહોતી - એ વિગત સ્વ. નરહરિ પરીખે લખેલા સરદારના જીવન ચરિત્રમાં નોંધાયેલી છે. મેટ્રિકની પરીક્ષાનું ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીએ એની જન્મતારીખ લખાવી પડતી. સરદાર પટેલે કનૈયાલાલ મુનશીની સલાહ મુજબ એ ખાનામાં '૩૧ ઓક્ટોબર' લખી દીધું, જે એમની જન્મતારીખ તરીકે માન્ય ઠરી. આજે વર્ષો પછી રાષ્ટ્ર એમના જન્મ દિવસને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઊજવતું હોય તો એક સાચદિલ, કર્મઠ અને ઇમાનદાર રાષ્ટ્રપુરૂષ માટે એ સાચી શ્રદ્ધાંજલિ જ ગણાશે. એ જ રીતે દુનિયામાં સૌથી ઊંચી પ્રતિમા સ્વરૂપે સરદાર પટેલની સ્મૃતિ નર્મદા ડેમ ખાતે રચાય તે પણ સરાહનીય બાબત છે. જો કે સરદાર તો પાઇ પાઇનો ખર્ચ બહુ ચીવટપૂર્વક કરનારા નેતા હતા, એટલે એમના પવિત્ર આત્માને તો પોતાના સ્મારક પાછળ કરોડો રૂપિયા વેડફાય તે હરગિજ ન ગમે. પરંતુ ઉપેક્ષિત રાષ્ટ્રનાયકનું આવું ભવ્ય સ્મારક ભવિષ્યની પેઢીઓ માટે પ્રેરણાની પરબ બની રહેશે, એટલે એ મુદ્દે પણ સ્વામી સચ્ચિદાનંદના માનસમાં સૌ પ્રથમ સ્ફુરેલી સંકલ્પના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગુજરાતનાં ખેડૂતપુત્રી મુખ્યમંત્રી આનંદીબહેનના શાસનકાળ દરિયાન સાકાર થશે તે યોગ્ય જ લેખાશે. પરંતુ ૩૧ ઓક્ટોબર એ સરદાર જયંતીની સાથે જ ઇન્દિરા ગાંધી-નિર્વાણ દિન પણ છે; વળી ઇન્દિરા ગાંધીએ તો સાચા અર્થમાં શહીદી વહોરી હતી - તે ન ભૂલવું જોઇએ. રાજકારણ એ હદે સંકુલિત ન થઇ જવું જોઇએ કે કોંગ્રેસનું શાસન ન હોય ત્યારે કોંગ્રેસી વડાપ્રધાનોને હાંસિયે ધકેલી દેવાય. કમનસીબે અત્યારે લગભગ આ પ્રકારનું વલણ જોવા મળી રહ્યું છે. કોંગ્રેસીઓએ સરદાર પટેલની અને સુભાષ બાબુ જેવા નેતાની ભરપૂર અવગણના કરી હતી, એ વેર વાળતા હોય એમ નવા બિનકોંગ્રેસી શાસકો નહેરૂ-ઇન્દિરા અને રાજીવની ત્રિપુટીને વિસારે પાડવાનું માનસ ધરાવતા હોય તો એ તંદુરસ્ત રાજનીતિ નહિં જ ગણાવી જોઇએ. નહેરૂ આધુનિક ભારતના શિલ્પી હતા; ઇન્દિરા ગાંધીના સુદીર્ઘ શાસનકાળમાં કટોકટીનું કલંક હોવાની સાથે પાકિસ્તાનની આખેઆખી પાંખ તોડી નાખવાનો વિક્રમ પણ નોંધાયો છે. ખુદ અટલબિહારી વાજપેયીએ એમને બાંગ્લાદેશને મુક્તિ અપાવનારાં દુર્ગા કહીને બિરદાવ્યા હતા. રાજીવ ગાંધી દેશની સંચારક્રાંતિના પ્રણેતા છે. સરદાર પટેલના સ્તવન સાથે આ નહેરૂવંશના પ્રદાનની પણ અવગણના ન થાય તે જોવું રહ્યું. અત્યાર સુધી ૩૧ ઓક્ટોબરે કોંગ્રેસી સરકારો ઇન્દિરા ગાંધીની શહીદીનો જ મહિમા કરતી હતી અને સરદાર પટેલ જેવા રાષ્ટ્રનાયકનો ઉલ્લેખ માત્ર કરીને અટકી જતી હતી. એ જ બિમારી નરેન્દ્ર મોદી અને આનંદીબહેનને પણ કનડતી હોય તો આપણે 'રઘુપતિ રાઘવ રાજા-રામ' - ની ધૂંધ બોલાવીને 'સબકો સન્મતી દે ભગવાન'ની જ પ્રાર્થના કરવી રહી!

સંસ્કાર ગ્રૂપે નવા વર્ષની શુભેચ્છાની આપ-લે મુખ્યમંત્રી અને રાજ્યપાલ સાથે કરી

નગરમાં બાળકોના ચહેરા પર સ્મિત રેલાવવા માટે સતત પ્રયત્નશીલ રહેતી સંસ્થા સંસ્કાર ગ્રૂપે દિવાળીના તહેવારમાં વિવિધ કાર્યક્રમો યોજ્યા હતા. રાજ્યપાલ અને મુખ્યમંત્રીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. બાળકો માટેની પ્રવૃત્તિઓ કરતી સંસ્કાર ગ્રૂપે દિવાળીના પર્વમાં ફટાકડા ફોડવાનું ટાળ્યું હતુ અને તેની જગ્યાએ સેક્ટર-૭ બગીચામાં વૃક્ષોનું જતન કરતી વિવિધ પ્રકારની રંગોળી પુરી હતી. ત્યારબાદ ગ્રૂપના તમામ સભ્યોએ એક બીજાનું મોં મીઠુ કરાવી દિવાળીની શુભકામનાઓ પાઠવી હતી. ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને મહામહિમ રાજ્યપાલ ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. બાળકોએ સ્વહસ્તે બનાવેલા વિવિધ પ્રકારના શુભેચ્છા કાર્ડ રાજ્યપાલને આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાજ્યપાલે ગ્રૂપની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

સંસ્કાર ગ્રુપ સરદાર પટેલ જયંતિ ઉજવશે

ગાંધીનગર, તા.૩૦

સંસ્કાર ગ્રુપ દ્વારા ગુજરાતના લોખંડી પુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે તેમના શૌર્ય તથા જીવનચરિત્રની માહિતી બાળકોને આપવામાં આવશે. તો ગ્રુપના સભ્યોએ હાજર રહેવા નમ્ર વિનંતી કરવામાં આવી છે.

હરિની દૃષ્ટિ...

સાહેબ, બધુ સાફ કરી આવ્યો.. બસ કાલે પકડેલા આ પોકેટમારને ધોવાનો બાકી છે.. એ કરી નાખું એટલે સફાઇ અભિયાન પુરું...!!

ગુજરાતી ક્રિશ્ચન પ્રેસ કાઉન્સિલ દ્વારા નડિયાદ ખાતે પુસ્તક પ્રકાશન પર્વનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરના જાણીતા કલાકાર હસમુખ મેકવાન લિખિત નાટય રૂપાંતરિત ભાગ્યોદય નાટકનું પુસ્તક વિમોચન કરવામાં આવ્યું હતું.

જિલ્લાકક્ષાએ સમાજ સેવા ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનારને પુરસ્કાર આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૩૦

ભારત સરકારના યુવા કાર્ય અને ખેલ મંત્રાલય પુરસ્કૃત નહેરૂ યુવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા સંચાલિત જિલ્લા કક્ષાની યુવા પુરસ્કાર યોજના અમલમાં છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ સ્વૈચ્છિક સેવા અને યુવા ક્ષેત્રે કાર્યરત યુવા મંડળ/મહિલા મંડળોનો વિકાસ થાય, સમાજ સેવાની પ્રવૃત્તિને વેગ મળે. જે મંડળોએ સમાજસેવાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી છે તેમજ સામાજિક પરિવર્તનમાં અથવા વિકાસક્ષેત્રે પ્રેરણારૂપ કામગીરી કરી છે તેવા શ્રેષ્ઠ યુવક મંડળ/મહિલા મંડળને રૂ. ૨૫,૦૦૦ જિલ્લા કક્ષાએ પુરસ્કારરૂપે આપવામાં આવશે. ખાસ કરીને જે યુવક/મહિલા મંડળોએ રાષ્ટ્રીય એકતા, શાંતિ, સદભાવના, કોમી એકતા, સાક્ષરતા અભિયાન, પર્યાવરણ સુરક્ષા, રક્તદાન, સાહસિક પ્રવૃત્તિ, સામુદાયિક વિકાસ, ગરીબી નિવારણ કાર્યક્રમ, જાહેર આરોગ્ય, સ્વરોજગારલક્ષી, તાલીમ, મહિલા સશક્તિકરણ, સમાજકલ્યાણ અને વ્યસનમુક્તિ વગેરેને લગતી વિવિધ પ્રવૃત્તિમાં કામગીરી કરેલ હોવી જોઈએ. ગત વર્ષ ૨૦૧૩-૧૪ ની પ્રવૃત્તિઓ પુરસ્કાર માટે માન્ય રાખવામાં આવશે. જિલ્લાકક્ષાએ વિજેતા થનાર પુરસ્કર્તાને રાજ્ય કક્ષાનાં પુરસ્કાર માટે ભલામણ કરવામાં આવશે. આ પુરસ્કાર અંગેનું અરજીપત્રક નેહરૂ યુવા કેન્દ્ર, ગાંધીનગરની કચેરી, સેક્ટર-૩૦, બ્લોક નં. ૧૦/૧, ચ-ટાઈપ, ગાંધીનગરની વિનામુલ્યે પ્રાપ્ત થઈ શકે. ફોન નં. ૨૩૨-૬૨૦૦૫.

જરૂરી વિગતો ભરીને તા. ૬-૧૧-૨૦૧૪, ગુરૂવાર સુદીમાં અરજી પરત કરવાની રહેશે.

નૈસર્ગિક મંડળનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૩૦

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળનો સ્નેહમિલન સમારોહ તા. ૨ નવેમ્બર રવિવાર સાંજે ૪ થી ૬ વાગ્યા દરમિયાન આર્ય સમાજ મંદિર હોલ સે-૨૪ ખાતે યોજવામાં આવશે. સ્નેહમિલન સમારોહ દરમિયાન હવન યોજવામાં આવશે. તેમજ મંડળ દ્વારા દરેક સભ્યને પોતાનો એક પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ સાથે લાવવા માટે જણાવ્યું છે. આ કાર્યક્રમમાં દરેક સભ્યને અચુક ઉપસ્થિત રહેવા મંડળના પ્રમુખે જણાવ્યુ છે.

નગરના આંગણે ફરીથી સુપર સિંગર ઓફ ધ ડિસ્ટ્રીકટ-૧૪ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના આંગણે ફરીથી એક વાર સુપર સિંગર ઓફ ધ ડિસ્ટ્રીકટ ૨૦૧૪ સ્પર્ધા યોજવામાં આવશે. જેસીઆઈ ગાંધીનગર દ્વારા યુવા વિકાસ માટે સ્પર્ધાનું આયોજન કરનાર છે.

આજનો યુવાન આવતીકાલના દેશનું ભવિષ્ય છે. ત્યારે યુવા વિકાસ માટે પ્રયત્નશીલ જેસીઆઈ સંસ્થા નગરના આંગણે બીજી વાર 'સુપર સિંગર ઓફ ધી ડિસ્ટ્રીકટ ૧૪ સ્પર્ધા યોજી રહી છે. તા. ૧૪ ડિસેમ્બર-૧૪ના રોજ સ્પર્ધા યોજવામાં આવશે. જે યુવક યુવતીઓ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા હોય તેમણે સાત્વિક ત્રિવેદી પ્રમુખ-૯૮૨૪૦ ૧૬૫૦૦, નિકુંજ શુકલા-૯૫૭૪૦૦૦૬૭૮, સંજય નાયી-૯૯૨૫૪ ૮૩૯૯૭, કે.ડી. ભાવસાર-૯૮૨૪૩ ૩૯૬૯૩ પર સંપર્ક કરી નામ નોંધાવવા જણાવવામાં આવ્યું છે.

શિવાનંદ સારવાર કેન્દ્ર જરૂરિયાતમંદ વ્યકિતઓની મફત સારવાર કરશે

ગાંધીનગર, તા.૩૦

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર દ્વારા મફત હોમિયોપેથીક સારવાર આપવામાં આવશે. સંઘ દ્વારા સે-૨૪ બલોક નં. ૧૭૫, હરસિદ્ધનગર ખાતે સોમવારથી શુક્રવાર દરમિયાન જરૂરિયાતમંદ વ્યકિતઓને નિઃશુલ્ક સારવાર આપવામાં આવે છે જેમાં ડો. કિરીટ પટેલ દ્વારા એલોપેથી સારવાર અને ડો. જાગૃતિ ગોસ્વામી દ્વારા હોમિયોપેથી સારવાર કરવામાં આવે છે. જરૂરિયાતમંદ વ્યકિતઓને શિવાનંદ સારવાર કેન્દ્રનો લાભ લેવા ડો. કિરીટ પટેલે જણાવ્યું છે.

પ્રગટ્યો પોલાદી સપૂત...

ધન્ય ધન્ય ધરા ગુર્જરી તું, ધન્ય ધન્ય ગુજરાત,
દેશસપૂતો તવઅંકે પાકયા, દેવસમ સાક્ષાત!
વિશ્વવંદ્ય બાપુગાંધી, બીજા દયાનંદ કરૂણાધાર.
ખમતીધર ખમીરવંતા ત્રીજા થયા સરદાર
૧૮૭૫ની એકત્રીસ ઓકટોબરે, જન્મ્યો તું મોસાળ
દૃઢતાને સંકલ્પ શક્તિએ, બન્યું જીવન રસાળ
પોલાદી સપૂત પ્રગટ્યો, માતા લાડબાઈને ખોળે
તાત ઝવેરભાઈનું ખમીર રૂંવે ચડ્યું હિલોળે!
બાપુ ગાંધીનો પટ્ટશિષ્ય તું, સહનશક્તિનો સ્રોત
અટલ દૃઢતા, ખડતલપણુ, વહે ખુમારી ધોધ.
ખેડા સત્યાગ્રહે પગે ચાલ્યો; સંગે ગાંધી, મહાદેવ.
છત્રીસમા કોંગ્રેસ અધિવેશને સૂત્રધાર તું સાહેબ!
સત્યાગ્રહ આદર્યો બોરસદે, હૈડિયાવેરા કાજ;
"સૂબા"નું બિરૂદ આપ્યું બાપુએ, સંગઠન શક્તિકાજ.
રોલેટ એકટ વિરોધે, વકીલાતને કર્યા રામરામ.
પુત્રના વિદેશ અભ્યાસકમે તેં મૂક્યું પૂર્ણવિરામ!
બારડોલી સત્યાગ્રહે-બાપુએ આપ્યો "સરદાર" ઈલકાબ.
દેશમાં તું જળક્યો, જેમ ચમકે કોર કિનખાબ!
દાંડીકૂચ પૂર્વે કંકાપૂરે ભાષણ કર્યું પ્રચંડ,
ધરપકડે ત્રણ માસની કેદ, ને પાંસચોનો દંડ.
તું બન્યો સ્વતંત્ર ભારતનો ગૃહપ્રધાન દૂરંદેશી
ભારતનાં દેશી રજવાડાની કરી એકતા, હાંકીને વિદેશી!
'દધિ' છલકતો પાય પખાળે, વંદે તવ દેશદાઝ-ખમીર!
તવનામસહ દેશને તેં અમર કર્યો, જય સરદાર ભડવીર!

- મૂળજીભાઇ પરમાર 'દધિ'

શિક્ષક એ તો સમાજ અને રાષ્ટ્રની દિવાદાંડી છે

આ લેખમાં મારે વાત કરવી છે શિક્ષક અને શિક્ષકત્વની. એટલા માટે કે, નૂતન-દિવ્ય સમાજના નિર્માણમાં એની ચાવીરૂપ ભૂમિકા છે. કોઇ સભ્ય, સુસંસ્કૃત અને સમર્થ સમાજની કલ્પના કરવી હોય તો 'શિક્ષક' વિના ન થઇ શકે.

અત્યારે હું એક આદર્શ શિક્ષકનું શબ્દચિત્ર આલેખતાં પણ ગૌરવાનુભૂતિ કરી રહ્યો છું.

શિક્ષક એટલે...

- જીવનની પ્રત્યેક ક્ષણને શિષ્ટ બનાવતું શિક્ષણ આપનાર, સમાજનું ચેતનરૂપ વ્યક્તિત્વ
- સામાન્ય બની રહીને 'અસામાન્ય'નું નિર્માણ કરનાર વ્યક્તિત્વ
- વિદ્યાર્થીને ડિગ્રી અને ડિગ્નીટી -
પદ અને ગરિમા...
એ બંને ઉપલબ્ધ કરાવી આપનાર વ્યક્તિત્વ
- આજીવન વિદ્યાર્થીભાવમાં જીવન વ્યતીત કરનાર સાધક
- વિદ્યાર્થીને શિક્ષણ આપતાં આપણાં જીવનનો વિનિયોગ, ઉપયોગ કેવી રીતે કરવો તે શીખવનાર માર્ગદર્શક
- અનેક વિષયો શીખવતાં શીખળતાં પણ વિષયથી પર કેવી રીતે રહેવું એવું અધ્યાત્મ શીખવનાર ગુરૂ
- શિક્ષણના માધ્યમથી પોતાનું જીવન અખિલાઈથી કેવી રીતે જીવવું એ સમજાવનાર પથદર્શક
- ઉત્તમ ચારિત્ર્યને પોતાની મૂડી બનાવી એનું વ્યાજ સમગ્ર સમાજને કેવી રીતે વહેંચવું એવું સમજાવનાર વ્યક્તિત્વ

... આમ, મારા મનમાં શિક્ષક માટેનો જે અહોભાવ છે એ ઉપરનાં શબ્દોમાં વ્યક્ત થઈ ગયો છે. સમાજે પણ શિક્ષકની ગરિમા અને આમન્યા જાળવવી જોઈએ. શિક્ષકમાં રહેલા જ્ઞાન અને ગુરૂત્વનો પૂરો લાભ લેવો જોઈએ. શિક્ષક એ તો સમાજ અને રાષ્ટ્રની દિવાદાંડી છે.

પણ, આવું વ્યક્તિત્વ બનવા માટે પણ શિક્ષકે અણથક પ્રયત્નો કરવા જોઈએ. પોતાને મળેલા કાર્યને અનુરૂપ બનવાની આરાધના એણે કરવી ઘટે.

શિક્ષક પાસેથી ઘણી અપેક્ષાઓ છે. સમાજના જ એક પ્રતિનિધિ તરીકે હું એ અપેક્ષાઓ નીચે મારા શબ્દોમાં વ્યક્ત કરું છું.

● શિક્ષકનું ત્રિવિધ વ્યક્તિત્વ અપેક્ષિત છે.
- એ 'પ્રેરક' હોવો જોઈએ
- એ 'પ્રયોગશીલ' હોવા જોઈએ
- એ 'અધ્યયનશીલ' હોવો જોઈએ

● શિક્ષક પાસે ત્રિવિધ શક્તિઓની અપેક્ષા છે.
- આકર્ષણની શક્તિ (Power of attraction)
- અભિવ્યક્તિની શક્તિ (Power of expression)
- પ્રભાવની શક્તિ (Power of impression)

● શિક્ષકે શિક્ષક અને કેળવણી બંને આપવાનાં છે.
- કંઈ જાણવું કે ન જાણવું તે શિક્ષણ,
- અને જાણ્યા પછી
તે કરવું કે ન કરવું તે કેળવણી.

● શિક્ષકની વ્યાખ્યા.
શિ - શિખવવાની અને શીખવાની કળા
ક્ષ - ક્ષમતાવાન
ક - કર્મશીલ

● શિક્ષકનો વ્યવહાર
(૧) મારે નહીં (૨) ડર ન બતાવે (૩) લાલચ ન આપે (૪) રોકટોક ન કરે (૫) અપમાનિત ન કરે (૬) વાણી પર સંયમ રાખે અને (૭) વિદ્યાર્થીને અમીમ સ્નેહ કરે.

● શિક્ષકે વર્ગખંડમાં પ્રવેશતાં જ વિદ્યાર્થીઓનું હૃદયપૂર્વક અભિવાદન કરવું જોઈએ.

શિક્ષણ અને શિક્ષકત્વ

- હર્ષદ પ્ર. શાહ

● શિક્ષકનો અવાજ બુલંદ, ગતિ ધીમી

● વિલિયમ આર્થર વોર્ડ શિક્ષક વિશે કહે છે -
સાધારણ શિક્ષક માત્ર બોલી જાય છે,
સારો શિક્ષક સમજાવે છે,
ઉત્તમ શિક્ષક કરી બતાવે છે... જયારે
મહાન શિક્ષક પ્રેરણા આપે છે.

● શિક્ષક માત્ર વિષયશિક્ષક ન બની રહેતાં, જીવનશિક્ષક બનવો જોઈએ.

● શિક્ષકનું કામ માત્ર અભ્યાસક્રમ પૂરો કરવાનું જ નથી, વિદ્યાર્થીઓને જીવનકમ સમજાવવાનું પણ છે. એણે વિદ્યાર્થીઓને યોગ્ય સમયે યોગ્ય દિશાબોધ પણ કરવો જોઈએ.

● શિક્ષકનું વ્યક્તિત્વ -
(૧) સ્મિત અને આત્મવિશ્વાસ સભર મુખમુદ્રા (૨) પ્રેમાળ સ્વભાવ (૩) આદર્શ વ્યવહાર (૪) ઉચિત અંતર અને (૫) હકારાત્મક સ્વભાવ

● શિક્ષક એ વાલી પણ છે.
વિદ્યાર્થીના માતાપિતાનું એ Exension છે
- માર્શલ મેક લુહાન

● પાઠ્યક્રમોના ઢોલનગારા વચ્ચે જીવન-ઘડતરની ધીમી મધુરી બંસરી વિસરાઈ ન જાય તે શિક્ષકે જોવાનું છે.

● જીવનઘડતર એ સ્વતંત્ર વિષય તરીકે ભણાવવાનો વિષય નથી. એ પરોક્ષ વિદ્યાનો વિષય છે. મુખ્ય વિષયો ભણાવતી વેળાએ જ મૂલ્યશિક્ષણ સમાવી લેવું એમાં જ શિક્ષકની કુશળતા છે.

● શિક્ષકે પોતાના વિદ્યાર્થીને સમગ્રતાથી જાણવો જોઈએ.

● વિષયને ન્યાય આપવા માટે તેનું વિસ્તૃતિકરણ, સમજણ, દૃષ્ટાંત, પુનરાવર્તન અને પ્રશ્નોત્તરી અનિવાર્ય છે. વિદ્યાર્થીઓના ચહેરા પર જ શિક્ષકના વર્ગકાર્યનો પ્રતિધ્વનિ આલેખિત હોય છે.

● શિક્ષકે દરેક વિદ્યાર્થી પ્રત્યે સમત્વભાવ દાખવવો જોઈએ. હોંશિયાર વિદ્યાર્થી પ્રત્યે અનુરાગ નહીં અને ઠોઠ પ્રત્યે ધૃણા કે અવગણના નહીં.

● જયાં સુધી શિક્ષકમાં સંશોધાત્મક અભિગમ વિકસતો નથી ત્યાં સુધી શૈક્ષણિક પ્રવૃત્તિનો આત્મા પ્રદીપ્ત થતો નથી. આખરે બધા અભ્યાસક્રમોમાં જે પણ સામગ્રી ઉપલબ્ધ છે તે એક દૃષ્ટિએ તો પૂર્વ સંશોધનોનો સાર જ છે.

● શિક્ષક પાસેથી સમયની અને નિયમિતતાની ઉચ્ચ સ્તરની અપેક્ષા છે.

● સર્વ યોગ્યતાઓ હોવા છતાં જેનામાં કદી ગુરૂતા... એટલે કે અભિમાન ન આવી જાય એ જ સાચો 'ગુરૂ' છે.

● શિક્ષકનો નૈતિક અને આત્માત્મિક વિકાસ સતત ચાલુ રહેવો જોઈએ. જે શિક્ષક શતદલ કમળની જેમ ભીતરથી નિરંતર વિકસતો નથી, જે આગળ જતાં કૃત્રિમતાનો ભોગ બને છે.

● શિક્ષકે પોતાનાં વાણી અને વર્તન દ્વારા વર્ગમાં ભારતીય સંસ્કૃતિની મહેક પ્રસરાવવાની છે. આ અભ્યાસક્રમનો નહીં, જીવનક્રમનો ભાગ છે. જેને કારણે આખો સમાજ ટકી રહ્યો છે એ મહાન ભારતીય સાંસ્કૃતિક વારસો અને વૈભવ નવી પેઢીના હૃદય સુધી શિક્ષકે પહોંચાડવો જોઈએ.

● વિદ્યાર્થીઓ સાથેનો પહેલો અને છેલ્લો પાઠ - તેને પ્રેમ આપો... પ્રેમ આપો... પ્રેમ આપો. તોફાની કે નટખટ વિદ્યાર્થી સાથે લાગણીસભર વાર્તાલાપ કરીને એમની નકારાત્મક ઊર્જાને સારા વિકલ્પો આપી સકારાત્મક દિશામાં વાળવી.

શિક્ષકે આવું આત્મનિરીક્ષણ અને આત્મમંથન કરવા માટે પર્યાપ્ત સમય ફાળવવો જોઈએ... અને આવો ઉત્તમ સમય હોય છે વેકેશન. શિક્ષકને બે વેકેશન મળી લગભગ ૬૦ દિવસનો અવકાશ મળતો હોય છે. એમાં સ્વાધ્યાય અને સજ્જતાની પ્રક્રિયા ભરપૂર ચલાવવી જોઈએ. પોતાના વિષયને Update કરવો જોઈએ, જ્ઞાનના શસ્ત્રની ધાર કાઢવી જોઈએ. ટૂંકમાં શિક્ષક નિત્ય નૂતન હોવો જોઈએ. વેકેશનમાં શિત્રક પોતાના ધ્યાનમાં આવેલા નબળા વિદ્યાર્થીઓને નિશુલ્ક ભણાવે તો તેનું શિક્ષકત્વ દીપી ઊઠે.

આ ક્ષણે મને કરસનદાસ લુહારે આલેખેલો એક પ્રસંગ ટાંકવાનું મન થાય છે.

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના બાવલુ ગામની પ્રાથમિક શાળાના અપંગ શિક્ષકે, એ વખતના શિક્ષણાધિકારીને અરજી કરીને જણાવેલું : 'મને વેકેશનમાં શાળા ચલાવવાની મંજૂરી આપશો, કારણ કે મને વેકેશનનો પગાર મળે છે. હું દરેક વેકેશનમાં શૈક્ષણિક કાર્ય કરીશ. જો મને એ મંજૂરી નહીં મળે તો હું વેકેશનનો પગાર સ્વીકારીશ નહીં.' આ શિક્ષકની ઉચ્ચ ભાવનાની કદર કરી એમને વેકેશનમાં શાળા ચલાવવા મંજૂરી અપાયેલી!

વિનોબા ભાવેની નજરમાં શિક્ષક 'થ્રી ઈન-વન' છે -
શીલવાન સાધુ હોય છે,
પ્રજ્ઞાવાન જ્ઞાની હોય છે,
કરૂણાવાન મા હોય છે,
પરંતુ શિક્ષક સાધુ, જ્ઞાની અને મા એ ત્રણેય હોય છે.
ચાલો, આપણે આવા શિક્ષક બનીએ અને સર્જીએ.